### ગોરવા તલાટી કચેરીમાં તલાટીની ગેરહાજરીથી અરજદારો પરેશાન

# ગોરવા તલાટી કચેરીમાં તાળા, અરજદારોમાં આક્રોશ

### ઘણાં દિવસો સુધી ધક્કા ખાવા છતાં કામ ન થતાં સરકારી કામ માટે આવતા નાગરિકો લાચાર



(પ્રતિનિધિ), વડોદરા. તા.૫ શહેરના ગોરવા વિસ્તારની તલાટી કચેરીમાં સરકારી કામકાજ અર્થે આવતા સામાન્ય નાગરિકો, વિદ્યાર્થીઓ અને મહિલાઓને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો હોવાના ગંભીર આક્ષેપો સામે આવ્યા છે. કચેરીમાં તલાટીની અનિયમિતતા અને ગેરહાજરીના કારણે અરજદારોને ઘણાં દિવસો સુધી ધક્કા ખાવા છતાં પોતાના જરૂરી કામો પૂર્ણ ન થતા લોકોમાં ભારે નારાજગી અને રોષ જોવા મળી રહ્યો છે. આ મામલે એક સ્થાનિક નાગરિકે જણાવ્યું હતું કે તેઓ છેલ્લા ઘણા દિવસોથી તલાટી કચેરીના અવારનવાર ચક્કર કાપી રહ્યા છે, પરંતુ તેમનું કામ થતું નથી. તલાટી કચેરીમાં હાજર ન હોવાના કારણે ત્યાં ઉપસ્થિત કર્મચારીઓ દ્વારા કોઈ સંતોષકારક જવાબ કે યોગ્ય રિસ્પોન્સ પણ આપવામાં આવતો નથી, જેના કારણે સામાન્ય પ્રજા પાયાની સેવાઓ મેળવવા માટે પણ લાચાર બની ગઈ છે.

આ સાથે જ પોતાની વ્યથા વ્યક્ત કરતા એક વિદ્યાર્થિનીએ જણાવ્યું હતું કે તે પરીક્ષાઓની તૈયારી કરી રહી છે અને ફોર્મ ભરવા માટે જરૂરી દાખલા કઢાવવાના હોવાથી તે ગત બુધવારથી કચેરીના ધક્કા ખાઈ રહી છે. કચેરીના સ્ટાફ દ્વારા તેને સોમવારે આવવાનું કહેવામાં આવ્યું હતું, પરંતુ સોમવારે કચેરીએ પહોંચતા ત્યાં તાળું જોવા મળ્યું હતું. સમયસર જરૂરી દસ્તાવેજો કે દાખલો ન મળવાના કારણે તેનું ભવિષ્ય અસરગ્રસ્ત થવાની પૂરી સંભાવના છે.

જો તલાટી નિયમિત રીતે પોતાની ફરજ પર હાજર ન રહી શકતા હોય, તો તેમની જગ્યાએ તાત્કાલિક ધોરણે અન્ય અધિકારીની ફાળવણી કરવામાં આવે તેવી માંગ પણ તેણે ઉચ્ચારી હતી. અન્ય એક મહિલા અરજદારે પણ રોષ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે તેઓ છેલ્લા ૪ થી ૫ દિવસથી સતત કચેરીના ધક્કા ખાઈ રહ્યા છે.

સોમવારે ખાસ બોલાવવામાં આવ્યા હોવા છતાં કચેરી પર તલાટી ગેરહાજર મળ્યા હતા, જેના કારણે તેમનું કામ અધ્ધરતાલ રહી ગયું છે. રોજબરોજની મજૂરી કે નોકરીની રજા પાડીને તેમજ ખિસ્સામાંથી આવવા-જવાનો ખર્ચ કરીને કચેરીએ પહોંચવું પડે છે, છતાંય હાથમાં કશું જ ન આવતા નાગરિકોઅત્યંતપરેશાનથઈગયાછે. આ સમગ્ર પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને નાગરિકોએ સંબંધિત ઉચ્ચ તંત્ર સમક્ષ ઉગ્ર રજૂઆત કરી છે કે કચેરીમાં જવાબદાર અધિકારીઓની નિયમિત હાજરી સખ્તાઈથી સુનિશ્ચિત કરવામાં આવે અને સામાન્ય લોકોના સરકારી કામો સમયસર પાર પડે તેવી પારદર્શક વ્યવસ્થા ગોઠવવામાં આવે.

### પોલીસે ક્રેનની મદદથી રસ્તો મોકળો કર્યો

# ડભોઈના ધરમપુરી પાસે કપાસ ભરેલી ટ્રક પલટી, ટ્રાફિક જામ

(પ્રતિનિધિ), વડોદરા. તા.૫ ડભોઈ તાલુકાના ધરમપુરી નજીક હાઈવે પર આજે વહેલી સવારે એક ગમખ્વાર અકસ્માત સર્જાયો હોવાના સમાચાર પ્રાપ્ત થયા છે. મહારાષ્ટ્ર તરફથી કપાસ ભરીને અમદાવાદ તરફ જઈ રહેલી એક ટ્રકના ચાલકે અચાનક સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવી દેતાં ટ્રક ધડાકાભેર માર્ગ પર પલટી મારી ગઈ હતી. આ અકસ્માતમાં ટ્રકમાં સવાર બે વ્યક્તિઓને ગંભીર ઈજાઓ પહોંચવા પામી છે. કપાસ ભરેલી આ ટ્રક પૂરઝડપે મહારાષ્ટ્રથી અમદાવાદ તરફ જઈ રહી હતી. ડભોઈના ધરમપુરી વિસ્તાર નજીક પહોંચતા જ અચાનક કોઈ કારણસર ચાલકે ટ્રક પરનો કાબૂ ગુમાવી દીધો હતો, જેના કારણે ટ્રક રોડની સાઈડમાં પલટી ગઈ હતી. ટ્રક પલટતાની સાથે જ તેમાં ભરેલો કપાસ



આખા માર્ગ પર ચારેબાજુ વેરાઈ ગયો હતો. અકસ્માતનો અવાજ એટલો જોરદાર હતો કે આસપાસના ગ્રામજનો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. અકસ્માતની ગંભીરતા જોતા સ્થાનિક લોકો તાત્કાલિક મદદે દોડી આવ્યા હતા અને ભારે જહેમત બાદ ટ્રકની કેબિનમાં ફસાયેલા બે ઈજાગ્રસ્તોને બહાર કાઢ્યા હતા. ઘટનાની જાણ થતાં જ ૧૦૮ એમ્બ્યુલન્સ સેવા ત્વરિત ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. બંને ગંભીર ઈજાગ્રસ્તોને પ્રાથમિક સારવાર આપીને તાત્કાલિક નજીકની સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે, જ્યાં તેમની હાલત નાજુક હોવાનું જાણવા મળે છે. ટ્રક પલટી જવાથી અને માર્ગ પર મોટી માત્રામાં કપાસ વિખરાઈ જવાથી હાઈવે પર બંને બાજુ વાહનોની લાંબી કતારો લાગી ગઈ હતી અને ભારે ટ્રાફિકજામ સર્જાયો હતો.

અકસ્માતના પગલે વાહનવ્યવહાર ખોરવાઈ ગયો હતો. ઘટનાની જાણ થતાં જ ડભોઈ પોલીસ સ્ટેશનનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. પોલીસે પરિસ્થિતિની ગંભીરતાને ધ્યાનમાં રાખીને ત્વરિત કામગીરી હાથ ધરી હતી. ક્રેનની મદદથી પલટી ગયેલી ટ્રકને હટાવવામાં આવી હતી અને રોડ પર વેરાયેલા કપાસને એક બાજુ ખસેડીને ટ્રાફિક પુનઃરુટ કરી હળવો કરવામાં આવ્યો હતો.

### રણોલી હાઇવે પર અકસ્માત, મોટી જાનહાનિ ટળી

# શ્વાન આડે આવતા ઈલેક્ટ્રિક ખાડામાં ખાબકી, ત્રણ લોકોનો આબાદ બચાવ

(પ્રતિનિધિ) વડોદરા, તા.5 રણોલી હાઈવે પરથી રણોલી ગામ તરફ જવાના માર્ગ પર મોડી રાત્રે એક અકસ્માતની ઘટના સામે આવી છે. જેમાં એક ટાટા ઈલેક્ટ્રિક ફોર વ્હીલર કાર ખાડાના પાણીમાં ખાબકી હતી, જોકે સદનસીબે કારમાં સવાર ડ્રાઈવર સહિત ત્રણ લોકોનો આબાદ બચાવ થયો છે. મળતી માહિતી મુજબ, ગત મોડી રાત્રે એક કાર રણોલી હાઈવેથી રણોલી ગામ તરફ જઈ રહી હતી. રાત્રિના સમયે રોડ પર અંધારું હોવાથી દશ્યતા ઓછી હતી. દરમિયાન અચાનક એક શ્વાન કારની આડે આવી ગયું હતું. શ્વાનને બચાવવા જતાં ચાલકે સ્ટીયરીંગ પરથી કાબુ ગુમાવ્યો હતો અને કાર રોડ પરથી નીચે ઉતરી સીધી રસ્તા કિનારે આવેલા ખાડાના



પાણીમાં ખાબકી હતી. અકસ્માતનો અવાજ સાંભળી આસપાસના લોકો દોડી આવ્યા હતા. કારમાં સવાર ડ્રાઈવર સહિત બાજુમાં બેઠેલી વ્યક્તિઓ સમયસર બહાર નીકળી જતા ત્રણેવનો આબાદ બચાવ થયો હતો અને મોટી દુર્ઘટના ટળી હતી. સ્થાનિકોના જણાવ્યા અનુસાર, રણોલી ગામ તરફ જતો આ માર્ગ રાત્રિના સમયે અંધારામાં ગરકાવ રહે છે. પૂરતી સ્ટ્રીટ લાઈટોના અભાવે અહીં અવારનવાર અકસ્માતના બનાવો બનતા રહે છે, ત્યારે તંત્ર દ્વારા યોગ્ય લાઈટીંગની વ્યવસ્થા કરવામાં આવે તેવી લોકમાંગ ઉઠી છે.

### યુવક હોસ્પિટલમાં સારવાર હેઠળ ખસેડાયો

# મકરપુરા એરફોર્સ રોડ પર બાઈક BSNLના બોક્સ સાથે અથડાઈ

( પ્રતિનિધિ ) વડોદરા,તા.5 વડોદરા શહેરના મકરપુરા એરફોર્સ રોડ પર ગત મોડી રાત્રે એક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો, જેમાં એક બાઈક સવાર ગંભીર રીતે ઘાયલ થયો છે. આ ઘટનાના CCTV ફૂટેજ પણ સામે આવ્યા છે. પ્રાપ્ત વિગત મુજબ, ગત રાત્રે એક યુવક પોતાની બાઈક લઈને મકરપુરા એરફોર્સ રોડ પરથી પસાર થઈ રહ્યો હતો. રાત્રિનો સમય હોવાથી રોડ પર અવર-જવર ઓછી હતી. દરમિયાન રોડની બાજુમાં લાગેલા બીએસએનએલના બોક્સ પાસે પહોંચતા જ બાઈક સવારે કાબુ ગુમાવ્યો હતો અને બાઈક સીધી બીએસએનએલના બોક્સ સાથે ધડાકાભેર અથડાઈ હતી. જોરદાર ટક્કરે બાઈક સવાર ઉછળીને રોડ પર પટકાયો હતો અને તેને માથા અને શરીરના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. અકસ્માતનો અવાજ સાંભળી



આસપાસના લોકો દોડી આવ્યા હતા અને લોહીલુહાણ હાલતમાં પડેલા યુવકને તાત્કાલિક 108 ની મદદથી નજીકની હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડ્યો હતો. આ સમગ્ર ઘટના નજીકમાં લાગેલા CCTV કેમેરામાં કેદ થઈ ગઈ છે, જેમાં બાઈક ચાલક કઈ રીતે બોક્સ સાથે અથડાય છે તે સ્પષ્ટ જોઈ શકાય છે. સ્થાનિકોના જણાવ્યા અનુસાર, એરફોર્સ રોડ પર રાત્રિના સમયે પૂરતો પ્રકાશ ન હોવાના કારણે અવારનવાર આવા અકસ્માતો સર્જાય છે.

### સાંકડા રસ્તા અને શાકભાજીની લારીઓના કારણે ફાયરબ્રિગેડને હાલાકી

# હાથીખાના મીઠા ફળિયામાં મકાનમાં શોર્ટ સર્કિટને કારણે આગથી દોડધામ

(પ્રતિનિધિ) વડોદરા, તા.5 વડોદરા શહેરના ફતેપુરા વિસ્તારમાં આગનો બનાવ બનતા દોડધામ મચી ગઈ હતી .હાથીખાના મીઠા ફળિયામાં આવેલા એક મકાનમાં શોર્ટ સર્કિટને કારણે આગ લાગતા લોકોમાં અફરાતફરી મચી ગઈ હતી. બનાવની જાણ થતાં ફાયરબ્રિગેડના જવાનો સ્થળ પર પહોંચ્યા હતા. જોકે, શાકભાજીની લારીઓના કારણે ફાયર બ્રિગેડને ઘટના સ્થળે પહોંચતા ભારે મુશ્કેલી પડી હતી. પ્રાપ્ત વિગત મુજબ, હાથીખાના વિસ્તારમાં આવેલ મીઠા ફળિયામાં એક મકાનમાં અચાનક આગ ભભૂકી ઉઠી હતી. આગે જોતજોતામાં વિકરાળ સ્વરૂપ ધારણ કરતા આસપાસના વિસ્તારમાં અફરાતફરી મચી ગઈ હતી. જે મકાનમાં આગ લાગી ત્યાં સિલાઈ મશીનથી સિલાઈનું કામ ચાલી રહ્યું હતું. બનાવની જાણ તાત્કાલિક ફાયર બ્રિગેડ અને પોલીસને કરવામાં આવી હતી. ઘટનાસ્થળે પહોંચેલી ફાયર બ્રિગેડની ટીમે ભારે જહેમત બાદ આગ પર કાબુ મેળવ્યો હતો. પ્રાથમિક તપાસમાં શોર્ટ સર્કિટના કારણે આગ લાગી હોવાનું અનુમાન લગાવવામાં આવી રહ્યું છે. આગની ઘટનામાં મોટા નુકસાનનું અનુમાન કરવામાં આવી રહ્યું છે, સદનસીબે કોઈ જાનહાની થઈ નથી. આ ઘટનામાં ચોંકાવનારી બાબત એ



સામે આવી છે કે ફાયર બ્રિગેડને સ્થળ પર પહોંચવામાં ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. વિસ્તારમાં રસ્તા પર શાકભાજીની લારીઓ આડેધડ ઉભી રહેતી હોવાથી ફાયરની ગાડી અંદર પ્રવેશી શકી ન હતી. આગ જેવી ગંભીર ઘટના સમયે પણ લારીવાળાઓએ લારીઓ હટાવી ન હોવાનો સ્થાનિકોએ આક્ષેપ કર્યો છે. સ્થાનિક લોકોએ આ મામલે ભારે નારાજગી વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, રસ્તા પર દબાણના કારણે નીકળવા માટે પણ જગ્યા રહી નથી. જો ભવિષ્યમાં આવો કોઈ મોટો બનાવ બને તો મોટી જાનહાની થવાની ભીતિ છે. તંત્ર દ્વારા આ લારીઓ હટાવી રસ્તો ખુલ્લો કરાવવામાં આવે તેવી માંગ સ્થાનિકોએ કરી છે.

### યુવાન કેનાલના ઊંડા પાણીમાં ગરકાવ

# દેણા કેનાલમાં નાહવા ગયેલા યુવકનું ડૂબી જવાથી મોત

(પ્રતિનિધિ) વડોદરા, તા.5 વડોદરા નજીક દેણા ગામ પાસેથી પસાર થતી કેનાલમાંથી સોમવારે સવારે એક યુવકની લાશ મળી આવતા ચકચાર મચી ગઈ હતી. મૃતકની ઓળખ જુનાગઢના રહેવાસી પિયુષ સોજીત્રા તરીકે થઈ હોવાનું સૂત્રોમાંથી જાણવા મળ્યું છે. પ્રાથમિક માહિતી મુજબ પિયુષ કેનાલમાં નાહવા ગયો હતો અને નાહતી વખતે અચાનક પગ લપસી જતા ઊંડા પાણીમાં ડૂબી ગયો હતો. વડોદરા નજીક દેણા ગામ પાસેથી પસાર થતી કેનાલમાં સોમવારે સવારે આશરે સાત વાગ્યાના અરસામાં એક યુવકની લાશ પાણીમાં તરતી જોવા મળી હતી. લાશ નજરે પડતાં જ જાગૃત નાગરિકે તાત્કાલિક વડોદરા ફાયર બ્રિગેડને જાણ કરી હતી. બનાવની જાણ થતાં ફાયર બ્રિગેડની ટીમ તેમજ હરણી પોલીસ સ્ટેશનનો સ્ટાફ ઘટનાસ્થળે દોડી ગયો હતો. ફાયર બ્રિગેડના જવાનોએ ભારે જહેમત બાદ કેનાલના પાણીમાંથી યુવકની લાશ બહાર કાઢી હતી. ત્યારબાદ લાશ હરણી પોલીસને સોંપવામાં આવી હતી. પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે સરકારી હોસ્પિટલ ખાતે ખસેડી આગળની કાર્યવાહી હાથ ધરી હતી. દરમિયાન, સૂત્રોમાંથી જાણવા મળતી પ્રાથમિક માહિતી મુજબ મૃતક યુવકનું નામ પિયુષ સોજીત્રા (ઉ.વ.40) અને તે જુનાગઢનો રહેવાસી હોવાનું જાણવા મળ્યું છે. પિયુષ કેનાલમાં નાહવા માટે ગયો હતો અને નાહતી વખતે અચાનક પગ લપસી જતા તે કેનાલના ઊંડા પાણીમાં ડૂબી ગયો હોવાની વિગતો સામે આવી છે. જોકે, પિયુષ કયા સંજોગોમાં કેનાલમાં પડ્યો અને ખરેખર તેનું મોત ડૂબી જવાથી જ થયું છે કે કેમ તે અંગે પોલીસ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી છે.

# અલ નીનોની અસરના કારણે માવઠાની શક્યતા

(પ્રતિનિધિ) વડોદરા, તા.5 રાજ્યમાં ઓક્ટોબર મહિનામાં ગરમી અને કમોસમી વરસાદની આગાહી કરવામાં આવી છે. વચ્ચે વડોદરા શહેરના હવામાન વિભાગ મુજબ હાલ વરસાદનું કોઈ એંધાણ નથી અને આગામી 7 દિવસ આકાશ મુખ્યત્વે ચોખ્ખું રહેશે. ગત 24 કલાકમાં વડોદરાનું મહત્તમ તાપમાન 36.4 ડિગ્રી નોંધાયું હતું, જે સામાન્ય કરતા 0.7 ડિગ્રી વધુ છે. જ્યારે લઘુત્તમ તાપમાન 23.4 ડિગ્રી નોંધાયું હતું. શહેરમાં વરસાદ નિલ રહ્યો છે. સવારે ભેજનું પ્રમાણ 64% અને સાંજે 47% રહ્યું હતું. હવામાન વિભાગની 7 દિવસની આગાહી મુજબ વડોદરામાં 5 થી 11 ઓક્ટોબર દરમિયાન કોઈ ચેતવણી આપવામાં આવી નથી. 6 ઓક્ટોબર મુખ્યત્વે ચોખ્ખું આકાશ, મહત્તમ 36.0 ડિગ્રી., 07-08 ઓક્ટોબર અંશતઃ વાદળછાયું આકાશ, મહત્તમ 35.0 ડિગ્રી., 10 ઓક્ટોબર ગરમીમાં વધારો, મહત્તમ તાપમાન 37.0 ડિગ્રી સુધી પહોંચશે.

### વોર્ડ નં. ૧૧ ની કચેરી અને દિવાળીપુરા વિસ્તારમાં ડ્રેનેજ લાઈનના ખોદકામ, ડાયવર્ઝન જેવી સ્થિતિ

# પશ્ચિમ વડોદરામાં ડ્રેનેજ પ્રોજેક્ટની કામગીરી ચાલુ : વાહનવ્યવહાર પર આંશિક બ્રેક

(પ્રતિનિધિ) વડોદરા, તા.5 શહેરના પશ્ચિમ વિસ્તારમાં નવી ડ્રેનેજ લાઈન નાખવાની કામગીરીના કારણે આગામી દિવસોમાં વાહનચાલકોની મુશ્કેલીમાં વધારો થવાની શક્યતા સેવાઈ રહી છે. વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનની ડ્રેનેજ પ્રોજેક્ટ શાખા દ્વારા શહેરના બે મુખ્ય સ્થળોએ ઊંડી ડ્રેનેજ લાઈન નાખવાની મહત્વની કામગીરી હાથ ધરવામાં આવી છે. આ કામગીરી પૂર્ણ ન થાય ત્યાં સુધી જરૂરિયાત મુજબ રસ્તાની એક તરફનો વાહન વ્યવહાર બંધ રાખવામાં આવશે. પ્રાપ્ત માહિતી અનુસાર, વોર્ડ નંબર-૧૧ની કચેરીથી નિલામ્બર સર્કલ તરફ જતા માર્ગ પર આવેલી કાર્તિકેયનગર સોસાયટીથી નિલામ્બર સર્કલ સુધી નવી ડ્રેનેજલાઈન નાખવામાં આવી રહી છે. આ ઉપરાંત, દિવાળીપુરા ગામ ચાર રસ્તાથી યોગા સર્કલ થઈ શ્રેણિક પાર્ક સર્કલ




સુધી પણ નવી ડ્રેનેજ લાઈન નાખવાની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. ડ્રેનેજ લાઈન બિછાવવા માટે રસ્તા પર વધુ ઊંડું ખોદકામ કરવાનું હોવાથી, સુરક્ષાના ભાગરૂપે કામગીરીના સ્થળે વાહનચાલકોને પ્રવેશ ન કરવા કોર્પોરેશન દ્વારા સ્પષ્ટ સૂચના આપવામાં આવી છે. જ્યાં સુધી આ કામગીરી પૂર્ણ ન થાય ત્યાં સુધી રસ્તાની એક તરફનો માર્ગ તમામ પ્રકારના વાહન વ્યવહાર માટે સંપૂર્ણપણે બંધ રહેશે. આ નિર્ણયના કારણે ખાસ કરીને સવાર અને સાંજના પીક અવર્સ દરમિયાન વાહનચાલકોને વૈકલ્પિક માર્ગોનો ઉપયોગ કરવાની ફરજ પડશે, જેનાથી ટ્રાફિક જામની સમસ્યા પણ સર્જાઈ શકે છે. અત્રે ઉલ્લેખનીય છે કે, શહેરમાં ડ્રેનેજ સહિતની વિવિધ વિકાસલક્ષી કામગીરીઓમાં કોન્ટ્રાક્ટરો દ્વારા સમયમર્યાદામાં કામ પૂર્ણ કરવામાં આવતું ન હોવાની ફરિયાદો અગાઉ પણ અનેકવાર ઉઠી ચૂકી છે.

### મકરપુરા રેલવે સ્ટેશન પર હાઈવોલ્ટેજ ડ્રામા

# ગાર્ડના ડબ્બામાં ૫ ફૂટનો રેટ સ્નેક ઘુસી જતા દોડધામ

(પ્રતિનિધિ) વડોદરા, તા.5 વડોદરાના મકરપુરા રેલવે સ્ટેશન ખાતે આજે બપોરના સમયે એક અજીબ ઘટના બની હતી, જેમાં ટ્રેનના ગાર્ડના ડબ્બામાં એક મોટો સાપ ઘુસી જતા થોડા સમય માટે દોડધામ મચી ગઈ હતી. પ્રાપ્ત વિગત મુજબ, મકરપુરા સ્ટેશન પર એક માલગાડી કે પેસેન્જર ટ્રેનના ગાર્ડના ડબ્બામાં અચાનક રેટ સ્નેક (ધામણ) પ્રજાતિનો સાપ ઘુસી ગયો હતો. ફરજ પરના ગાર્ડની નજર પડતા જ તેણે તાત્કાલિક સ્ટેશન માસ્ટર અને અન્ય કર્મચારીઓને જાણ કરી હતી. સાપ દેખાતા જ રેલવે પ્લેટફોર્મ પર ઉપસ્થિત કર્મચારીઓ અને મુસાફરોમાં ભયનો માહોલ ફેલાયો હતો. બનાવની જાણ તાત્કાલિક જીએસપીસીએ એનજીઓના જાણીતા રેસ્ક્યુઅર પ્રિગ્નેશભાઈને કરવામાં આવી હતી. કોલ મળતા જ તેઓ રેસ્ક્યુ કીટ સાથે સ્થળ પર દોડી આવ્યા હતા. ડબ્બાની અંદર સંતાયેલા સાપને શોધીને તેઓએ અત્યંત સાવધાની



અને સુરક્ષિત રીતે તેનું રેસ્ક્યુ કર્યું હતું. પ્રિગ્નેશભાઈની કામગીરીને સ્થળ પર ઉપસ્થિત લોકોએ બિરદાવી હતી. રેસ્ક્યુ બાદ આશરે 5 ફૂટ લાંબા ધામણ સાપને સુરક્ષિત રીતે પકડીને વન વિભાગને સોંપવામાં આવ્યો છે, જ્યાંથી તેને તેના કુદરતી નિવાસસ્થાનમાં મુક્ત કરવામાં આવશે. સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાની થઈ નથી.

### વિદ્યાર્થીઓના તોફાનનો આક્ષેપ, વરિષ્ઠ નાગરિકની FIRની માંગ

# ગરીબ રથના G-12 કોચમાં ચાલુ ટ્રેનમાં ફટાકડા ફૂટ્યા, મુસાફરોના જીવ જોખમમાં

**મથુરાથી વડોદરા** આવી રહેલા 64 વર્ષીય વૃદ્ધે રેલ મદદ-139 અને રેલવે પોલીસમાં ફરિયાદ કરી

(પ્રતિનિધિ) વડોદરા, તા.5 પશ્ચિમ રેલવેની 12910 BDTS ગરીબ રથ ટ્રેનમાં મુસાફરી દરમિયાન વરિષ્ઠ નાગરિકને હેરાનગતિ અને ચાલુ કોચમાં ફટાકડા ફોડવાની ગંભીર ઘટના સામે આવી છે. વડોદરાના માંજલપુર વિસ્તારના 64 વર્ષીય ભરતકુમાર શંકરલાલ રાણા દ્વારા આ મામલે FIR નોંધવા અને જવાબદારો સામે કાર્યવાહીની માંગ સાથે ફરિયાદ કરવામાં આવી છે. ફરિયાદી ભરતકુમાર રાણા તેમના 62 વર્ષીય ભાઈ પ્રકાશકુમાર સાથે 02/10/2026ના રોજ મથુરાથી વડોદરા આવી રહ્યા હતા. તેમનો PNR 2841193216 હતો અને G-12 કોચમાં બર્થ નં. 17 અને 20 કન્ફર્મ હતી. આરોપ મુજબ, G-12 કોચમાં જ સીટ નં. 1 થી 6, 9 થી 14, 18,19,22 થી 30 પર નિઝામુદ્દીનથી મુંબઈ જઈ રહેલા કેટલાક વિદ્યાર્થીઓ અને તેમની સાથેના અન્ય વ્યક્તિઓ સવાર હતા. ટ્રેન ઉપડ્યા બાદ તેઓએ મોટા અવાજે બૂમાબૂમ, જોરથી ગીતો વગાડવા, તાળીઓ પાડી શાંતિનો ભંગ કર્યો હતો. વૃદ્ધ મુસાફરોએ શાંતિપૂર્વક સમજાવ્યા છતાં તેઓ માન્યા ન હતા અને બેઠક તથા સામાન મૂકવાની જગ્યાને લઈને પણ મુશ્કેલી કરી હતી. ટીટીઈ એ ટિકિટ ચેક કરી હોવા છતાં આસપાસના વિદ્યાર્થીઓની ટિકિટ ચેક ન થઈ હોવાનો પણ શંકા વ્યક્ત કરાઈ છે. ફરિયાદ મુજબ સૌથી ગંભીર ઘટના રતલામ પહેલા બની હતી. સીટ નં. 21 પર બેઠેલા મુખ્ય વ્યક્તિએ ફોન કરી અન્ય વિદ્યાર્થીઓને બોલાવી ફરિયાદીની સીટ નજીક ચાલુ ટ્રેનના બંધ કોચમાં ફટાકડા ફોડ્યા હતા. આ ઘટનાથી આગ લાગવાની, મુસાફરો દાઝવાની અને ગભરાટ ફેલાવાની શક્યતા હતી. ઘટનાની ગંભીરતા જોતા ફરિયાદીએ 3 ઓક્ટોબરના રોજ રાત્રે 01:07 વાગ્યે રેલવે હેલ્પલાઈન 139 પર ફરિયાદ કરી હતી. રતલામ ખાતે કાર્યવાહીની ખાતરી અપાઈ પણ 01:16 વાગ્યે ટ્રેન રતલામ પહોંચી ત્યારે કોઈ કાર્યવાહી ન થઈ. ફરીથી 139 પર ફોન કરતા વિદ્યાર્થીઓ હોવાથી કાર્યવાહી નથી કરી તેવો જવાબ મળ્યાનો આક્ષેપ છે. બાદમાં 01:46 વાગ્યે RailMadad પર ફરિયાદ નં. 2026100300604 નોંધાવી હતી. વડોદરા સ્ટેશન ખાતે સવારે 05:00 વાગ્યે RPF/GRPના ASI મુકેશકુમારે સંપર્ક કર્યો હતો અને ફરિયાદીએ તોફાન કરનારાઓને રૂબરૂ બતાવ્યા હોવા છતાં કોઈ સ્થળ પર કાર્યવાહી ન કરાતા ટ્રેન રવાના થઈ ગઈ હતી.

### તહેવારોમાં મુસાફરોને રાહત

# પ્રતાપનગર - ચર્લપલ્લી વચ્ચે ફેસ્ટિવલ સ્પેશિયલ ટ્રેન દોડશે

(પ્રતિનિધિ) વડોદરા, તા.5 દિવાળીના તહેવારોમાં મુસાફરોની વધતી ભીડને ધ્યાનમાં રાખીને પશ્ચિમ રેલવેના વડોદરા મંડળ દ્વારા એક મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. મુસાફરોની સુવિધા માટે પ્રતાપનગરથી ચર્લપલ્લી વચ્ચે ફેસ્ટિવલ સ્પેશિયલ ટ્રેન દોડાવવામાં આવશે. પશ્ચિમ રેલવેના જનસંપર્ક અધિકારી અનુભવ સક્સેના દ્વારા જણાવ્યા મુજબ 2026/10 મુજબ, આ સ્પેશિયલ ટ્રેન વિશેષ ભાડા પર ચલાવવામાં આવશે. ટ્રેનના શિડ્યુલ મુજબ ટ્રેન નંબર 07088 પ્રતાપનગર - ચર્લપલ્લી સાપ્તાહિક સ્પેશિયલ દર રવિવારે સાંજે 19:50 કલાકે વડોદરાના પ્રતાપનગરથી ઉપડશે અને બીજા દિવસે રાત્રે 20:30 કલાકે ચર્લપલ્લી પહોંચશે.

આ ટ્રેન 11 ઓક્ટોબરથી 25 ઓક્ટોબર અને 1,8,15,29 નવેમ્બર 2026 સુધી દોડશે. તો પરત ફરતી ટ્રેન નંબર 07087 ચર્લપલ્લી - પ્રતાપનગર દર શનિવારે સાંજે 16:00 કલાકે ચર્લપલ્લીથી ઉપડી બીજા દિવસે સાંજે 17:50 કલાકે પ્રતાપનગર આવશે. જે 10 થી 31 ઓક્ટોબર અને 7,14,28 નવેમ્બર સુધી દોડશે. કુલ 14 ફેરા થશે.

આ ટ્રેન બંને દિશામાં ભરૂચ, સુરત, વલસાડ, વાપી, પાલઘર, વસઈ રોડ, કલ્યાણ, લોનાવાલા, પુણે, દૌંડ, સોલાપુર, વાડી, સેદમ, તાંદુર, વિકારાબાદ, લિંગમપલ્લી, બેગમપેટ અને સિકંદરાબાદ સ્ટેશનો પર ઉભી રહેશે. જેમાં AC-2 ટિયર, AC-3 ટિયર, સ્લીપર અને જનરલ કોચ હશે. આ ટ્રેનનું બુકિંગ 6 ઓક્ટોબરથી તમામ પીઆરએસ કાઉન્ટર અને આઈઆરસીટીસી વેબસાઈટ પર શરૂ થશે.

### પથ્થરમારામાં એક વ્યક્તિને માથામાં ગંભીર ઈજા

# પૈસાની ઉઘરાણી મુદ્દે મારેઠા વિસ્તારમાં ઘરમાં ઘૂસેલા ટોળાનો પરિવાર પર હુમલો

(પ્રતિનિધિ) વડોદરા, તા.5 વડોદરાના મારેઠા ગામ પાસે વુડાના મકાનોમાં પાણીના પૈસાના ઉઘરાણા મામલે થયેલા વિવાદે ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું હતું. સામસામે થયેલી બોલાચાલી બાદ 10થી 15 લોકોનું ટોળું ઘરમાં ઘૂસી પરિવારજનો સાથે મારામારી કર્યાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. હુમલા દરમિયાન પથ્થર મારતાં એક વ્યક્તિને માથામાં ગંભીર ઈજા થતાં 108 એમ્બ્યુલન્સ મારફતે એસએસજી હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. વડોદરાના માણેજા વિસ્તારમાં રહેતા શીતલબેન જગદીશભાઈના પરિવારનો પાણીના પૈસાના ઉઘરાણા મામલે ત્રીજા માળે રહેતા લોકો સાથે વિવાદ થયો હતો. શરૂઆતમાં બોલાચાલી થઈ હતી, પરંતુ ત્યારબાદ મામલો ઉગ્ર બનતાં 10થી 15 લોકો ઘરમાં ઘૂસી આવ્યા હોવાનો આક્ષેપ છે. આ



દરમિયાન પરિવારજનો સાથે મારામારી કરવામાં આવી હતી. એટલું જ નહીં, છ મહિનાની બાળકીને ખાટલા પરથી નીચે ફેંકી દેવાનો પ્રયાસ કરાયો હોવાનો પણ ગંભીર આક્ષેપ કરવામાં આવ્યો છે. દરમિયાન વચ્ચે પડેલા એક વ્યક્તિના માથામાં પથ્થર મારવામાં આવતાં તેને ગંભીર ઈજા પહોંચી હતી. બનાવ બાદ હુમલો કરનારાઓએ જ પોલીસને જાણ કરી હતી અને જાણે ઘટનામાં કંઈ કર્યું જ ન હોય તેમ 112ની પોલીસ ગાડીમાં બેસીને પોલીસ સ્ટેશન પહોંચ્યા હોવાનો પરિવારજનોનો આક્ષેપ છે. બીજી તરફ ઈજાગ્રસ્ત સહિત પરિવારજનો ન્યાયની માંગ સાથે પોલીસ સ્ટેશને પહોંચ્યા હતા અને હુમલાખોરો સામે કડક કાર્યવાહી કરવાની માંગ કરી છે.